## કલમ:- ૪-(૧)-(બી)-(૧૨) ફાળવેલ રકમો સહીત સબસીડી કાર્યક્રમોની અમલ બજવણીની રીત અને એવા કાર્યક્રમોના લાભાર્થીઓની વિગતો

૧. દીનદયાળ અંત્યોદય યોજના- રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન(DAY-NULM)નાં સ્વરોજગાર કાર્યક્રમ (SEP) ઘટક અંતર્ગત વ્યક્તિગત, જૂથ તથા સ્વસહાય જુથને બેંક ધ્વારા ધંધા-રોજગાર માટે મળેલ લોન ઉપર બેંકનાં પ્રવર્તમાન વ્યાજદર અને ૭% વચ્ચેના તફાવતના દરે લાભાર્થીને વ્યાજ સહાય ચુકવવા સરકારશ્રીને ભલામણ કરવામાં આવે છે.

૨. દીનદયાળ અંત્યોદય યોજના- રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન (DAY-NULM)નાં સામાજિક ગતિશીલતા અને સંસ્થાગત વિકાસ (SM&ID) ઘટક અંતર્ગત રચાયેલ સ્વસહાય જૂથોને ૩ માસ પુરા થયે કરવામાં આવતા ગ્રેડીંગમા પાસ થયેલ જૂથોને રીવોલ્વીંગ ફંડ પેટે રૂ.૧૦,૦૦૦/- ની સહાય પૈસા પોર્ટલ મારફત કરવામાં આવે છે.

૩. દીનદયાળ અંત્યોદય યોજના- રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન (DAY-NULM)નાં_સામાજિક ગતિશીલતા અને સંસ્થાગત વિકાસ (SM&ID) ઘટક અંતર્ગત રચાયેલ સ્વસહાય જૂથો(SHG)ની રચના કરી આ જૂથોને સાંકળી વિસ્તાર કક્ષાના મંડળ (Area Level Federation)ની રચના કરવામાં આવે છે. વિસ્તાર કક્ષાના મંડળ (Area Level Federation) ને રીવોલ્વીંગ ફંડ પેટે રૂ.૫૦,૦૦૦/- ની સહાય પૈસા પોર્ટલ મારફત કરવામાં આવે છે.